# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૨/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________,સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'ગ્લોબલ ટ્રેન્ડ એન્ડ ક્રિએટીંગ વેલ્યુ વીથ પ્રોસેસિંગ ઓફ મેન મેઈડ ફાયબર' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૯ જુલાઇ ૨૦૨૧ના રોજ 'ગ્લોબલ ટ્રેન્ડ એન્ડ ક્રિએટીગ વેલ્યુ વીથ પ્રોસેસિંગ ઓફ મેન મેઇડ ફાયબર' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્લોબલ લીડરશિપ ટીમના મેનેજિંગ ડાયરેકટર એન્ડ મેમ્બર અંજની પ્રસાદે કી–નોટ સ્પીકર તરીકે વકતવ્ય રજૂ કર્યુ હતું. જ્યારે વકતા તરીકે કોમ્પીટન્સ સેન્ટર સિન્થેટીકસના ગ્લોબલ હેડ માર્ક ડોહમેન અને પોલિસ્ટર સ્ટેપલ ફાયબર રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના પ્રોડકટ એન્ડ બિઝનેસ ડેવલપમેન્ટના હેડ સંજય ગુપ્તાએ ઉદ્યોગકારોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

અંજની પ્રસાદે ઇન્ડિયન એમએમએફ ટેકસટાઇલ ગ્રો કરી શકે અને એકસપોર્ટ કરી શકે તે દિશામાં મહત્વની ચર્ચા કરી હતી. ફાયબર, યાર્ન અને ગારમેન્ટ સહિત ટેકસટાઇલની સમગ્ર વેલ્યુ ચેઇન વિશે માહિતી આપી હતી. તેમણે કહયું હતું કે, ટેકનીકલ ટેકસટાઇલ ખૂબ જ મહત્વનું પાસું છે અને ફેશન ડિઝાઇનીગ તેમાં અગત્યની ભૂમિકા ભજવી શકે છે. તેમણે કેઝ્યુઅલ તથા સ્પોર્ટ એન્ડ એકસરસાઇઝ માટે વપરાતા કમ્ફર્ટેબલ કવોલિટી કાપડ વિશે જાણકારી આપી હતી.

વેબિનારમાં બીપીટી બિઝનેસ ડેવલપમેન્ટ ઇન્ડિયાના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ એન્ડ હેડ સંજય સાઠે, રિજનલ સેલ્સ હેડ પ્રણવ ગાંધી અને માર્ક ડોહમેનએ પેનલિસ્ટ તરીકે ઉપરોકત વિષય સંદર્ભે મહત્વની ચર્ચા કરી હતી. માર્ક ડોહમેને જણાવ્યું હતું કે, વિશ્વ આખામાં કાપડ ક્ષેત્રે કોઇપણ ફાયબરનું પ્રોડકશન થાય છે તેમાં પોલિસ્ટરનો હિસ્સો સૌથી વધારે હોય છે. આશરે ૫૭ ટકા જેટલો હિસ્સો પોલિસ્ટરનો હોય છે. વિશ્વમાં હવે બાયો ડીગ્રીડેબલ પોલિસ્ટરનું ઉત્પાદન પણ સતત વધી રહયું છે. તેમણે પ્રી–ટ્રિટમેન્ટ ઓફ પોલિસ્ટર વિશેની નવી ટેકનીક વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી અને અલ્કલાઇન ડાઇંગ પ્રોસેસ વિશે પણ માહિતી આપી હતી.